**રેલવે સ્ટેશન પર બોમ્બની ધમકી બાદ મંગળવારે કોર્ટ બિલ્ડિંગમાં બોમ્બની ધમકીના પગલે હાઇ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો**

# વલસાડ કોર્ટમાં બોમ્બની ધમકી

**ઇમેલથી** કોર્ટ બિલ્ડિંગ ખાલી કરાવાયું

**અમદાવાદ** અને વડોદરા ઉપરાંત વલસાડની કોર્ટમાં પણ બોમ્બનો ઇમેલ આવ્યો

**પોલીસે** 3 કલાકથી વધુ સમય લઇ આખા બિલ્ડિંગને ચેક કર્યા બાદ કંઇ ન નીકળતા રાહતનો શ્વાસ લીધો



વલસાડ : વલસાડમાં સોમવારે રેલવે સ્ટેશન પર બોમ્બની ધમકી અને સ્ટેશન પર થયેલા પોલીસ ચેકીંગ બાદ મંગળવારે કોર્ટ બિલ્ડીંગમાં બોમ્બની ધમકી ભર્યા ઈમેલના પગલે આજે સવારથી કોર્ટ બિલ્ડીંગમાં હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો.

બોમ્બની માહિતી મળતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને તેમણે કોર્ટનું બિલ્ડીંગ ખાલી કરાવ્યું હતું. તેમજ તેમણે તમામ કર્મચારીઓને બહાર નિકળી જવા કહેતાં કોર્ટની કામગીરી અટકી ગઈ હતી.

ગુજરાતમાં અમદાવાદ અને વડોદરા ઉપરાંત વલસાડની કોર્ટમાં પણ બોમ્બનો ઈમેલ આવ્યો હતો. જેની માહિતી મળતાં સિટી પીઆઈ ડી. ડી. પરમાર, એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ તેમજ એસઓજી પીઆઈ રોઝ સહિત તેમનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. તેમણે પહેલાં કોર્ટ બિલ્ડીંગ ખાલી કરાવી હતી ત્યારબાદ તેમણે બોમ્બ સ્ક્વોર્ડ અને સ્નીફર ડોગની મદદથી આખી બિલ્ડીંગનું ચેકિંગ હાથ ધર્યું હતું. તેમણે બિલ્ડીંગ જ નહી, પરંતુ પાર્કિંગમાં પાર્ક તમામ કાર તેમજ અન્ય વાહનો તેમજ તમામ સ્થળનું ચેકિંગ હાથ ધર્યું હતું. જોકે, આખરે કંઈ મળ્યું ન હતુ. જેને લઈ તેમણે રાહતનો શ્વાસ લીધો હતો.

જોકે, આ ઘટનાના પગલે સવારથી સાંજ સુધી જિલ્લાભરના પોલીસનો કાફલો આ કાર્યમાં વ્યસ્ત રહ્યો હતો. બોમ્બની અફવાના પગલે કોર્ટ ખાલી કરાવતા રોજ-બરોજના અનેક કામો સ્થગિત થઈ ગયા હતાં. કર્મચારીઓ પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા કે, આજે કામ થશે કે નહી, પરંતુ આજરોજ કોર્ટનું કામ થઈ શક્યું ન હતું.

# ડાંગ દરબારમાં સ્ટોલના ભાડા-લાઈટ બિલ મુદ્દે રોષ

**ગ્રામ** પંચાયતના ઠરાવ મુજબ અમલ કરવા તંત્રને રજૂઆત

સાપુતારા : 'ડાંગ દરબાર-૨૦૨૬'ના આયોજનની તૈયારીઓ વચ્ચે સ્ટોલના ભાડા અને લાઇટ બિલના દરને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. આ મેળામાં વર્ષોથી રોજગારી મેળવતા સ્થાનિક અને બહારના વેપારીઓ માટે ભાડાના દરો અને વીજળીના નિયમો આર્થિક રીતે બોજારૂપ સાબિત થઈ રહ્યા છે. આ બાબતે આહવા ગામના વેપારીઓ દ્વારા તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે ડાંગ દરબારમાં આહવા ગ્રામ પંચાયત દ્વારા પસાર કરવામાં આવેલા સત્તાવાર ઠરાવ મુજબ જ ભાડાના દરો નક્કી કરવામાં આવે. આહવા ગ્રામ પંચાયત દ્વારા ગત તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મળેલી ગ્રામસભામાં લોકશાહી ઢબે એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવ મુજબ, સ્થાનિક આદિવાસી અને અન્ય વેપારીઓ માટે સ્ટોલનું ભાડું રૂ.૨,૦૦૦ અને બહારથી આવતા વેપારીઓ માટે રૂ.૩,૦૦૦ નક્કી કરવામાં આવ્યું છે. વેપારીઓની મુખ્ય માંગણી છે કે વહીવટી તંત્ર પ્લોટની ફાળવણી કરતી વખતે આ પંચાયતના ઠરાવની ગરિમા જાળવે અને તે મુજબ જ વસૂલાત કરે. જો ભાડાના દરો વ્યાજબી રહેશે, તો જ ડાંગના સ્થાનિક નાના વેપારીઓ વધુ સંખ્યામાં ભાગ લઈ શકશે અને તેમને આર્થિક પ્રોત્સાહન મળી રહેશે. વધુમાં, વેપારીઓએ લાઈટ બિલના વર્તમાન નિયમો સામે પણ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે વીજળીના હાલના દરો વેપારીઓ માટે અત્યંત અન્યાયી છે, જેમાં તાત્કાલિક સુધારો કરી આર્થિક ભાર ઓછો કરવો જોઈએ. ખાસ કરીને એવા સ્થાનિક વેપારીઓ કે જેમને વીજળીના જોડાણની જરૂર નથી, તેમને ફરજિયાત કનેક્શન લેવા માટે દબાણ ન કરવા વિનંતી કરવામાં આવી છે. મનીષભાઈ મારકણા (દેવલપાડા) અને અમરનાથ જગતાપ (મિશનપાડા) સહિતના અરજદારોએ આશા વ્યક્ત કરી છે કે કલેક્ટર અંગત રસ લઈ વેપારીઓના હિતમાં હકારાત્મક નિર્ણય લેશે.

# નવસારીમાં 10 .95 લાખમાંથી ઘટીને હવે 9 .66 લાખ મતદારો

**12806** નવા મતદારો ઉમેરાયા, 5919 નામ દૂર અને 6689 વિગતોમાં સુધારા સાથે યાદી અપડેટ

નવસારી : નવસારી જિલ્લામાં મતદાર યાદી વિશેષ સુધારણા અભિયાન પૂર્ણ થતાં અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. અગાઉ જિલ્લામાં કુલ 1095900 મતદારો નોંધાયેલા હતા, પરંતુ સ્થળ પર ચકાસણી અને સમીક્ષા બાદ હવે 966231 મતદારો જ અંતિમ યાદીમાં સ્થાન પામ્યા છે. ચૂંટણી તંત્ર દ્વારા ગેરહાજર, સ્થળાંતરિત, અવસાન પામેલા તેમજ ડુપ્લિકેટ નામોની વિગતવાર તપાસ કરીને યાદીને વધુ શુદ્ધ, ચોક્કસ અને વિશ્વસનીય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

આ અભિયાન દરમિયાનમાં કુલ 12806 નવા મતદારોના નામ ઉમેરવામાં આવ્યા હતા. બીજી તરફ 5919 નામ દૂર કરવામાં આવ્યા, જ્યારે 6689 મતદારોની વિગતોમાં સુધારા કરવામાં આવ્યા હતા.

વિધાનસભા વિસ્તારવાર આંકડા મુજબ જલાલપોરમાં 200503, નવસારીમાં 210144, ગણદેવી (અનુસૂચિત જનજાતિ) વિસ્તારમાં 267021 અને વાંસદા (અનુસૂચિત જનજાતિ) વિસ્તારમાં 288563 મતદારો નોંધાયા છે. કુલ સંખ્યામાં થયેલો ઘટાડો સૂચવે છે કે યાદીને વાસ્તવિક મતદારો સુધી મર્યાદિત કરવા તંત્રએ ગંભીરતા સાથે કામગીરી હાથ ધરી છે.

ચૂંટણી તંત્રે નાગરિકોને પોતાના નામની અંતિમ યાદીમાં ખાતરી કરવા ખાસ અપીલ કરી છે.

## ડાંગ જિલ્લામાં ૧,૯૪,૬૫૩ મતદારો આખરી મતદારયાદીમાં સમાવિષ્ટ

સાપુતારા : મંગળવારે ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષસ્થાને મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ બાબતે રાજકીય પક્ષો સાથે બેઠક યોજી મતદારયાદી તથા સેવા મતદારોની વિગત દર્શાવતી યાદીની નકલ તથા મતદારયાદીની સોફ્ટ કોપી આપવામાં આવેલી છે. કલેક્ટર શાલિની દુહાને જણાવ્યું હતું કે, ૧૭૩-ડાંગ વિધાનસભા મતવિસ્તારમાં અગાઉ નોંધાયેલા ૨૦૧૬૮૨ મતદારો પૈકી ૧૯૦૫૬૧ મતદારો યથાવત રહ્યા છે તથા ૪૦૯૨ (Net Addition) નવા મતદારો ઉમેરાયા છે. આજ રોજ પ્રસિદ્ધ થયેલી ડાંગ જિલ્લાની મતદારયાદીમાં કુલ ૧૯૪૬૫૩ મતદારોનો સમાવેશ થયેલો છે. તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીએ પ્રજા જોગ સંદેશ આપતાં જણાવ્યું છે કે, લોકશાહીના પર્વમાં સહભાગી થવા માટે દરેક પાત્રતા ધરાવતા નાગરિકનું નામ મતદારયાદીમાં હોવું અનિવાર્ય છે. આખરી પ્રસિદ્ધિ બાદ પણ જો કોઈ ક્ષતિ જણાય તો નિયત ફોર્મ ભરીને સુધારો કરાવી શકાય છે.

# વલસાડ જિલ્લામાં ૧૧,૬૩,૮૦૮ મતદારો

**જિલ્લામાં** ૪૬૯૮ મતદારોનો વધારો

**પુરૂષ** મતદારો ૫,૯૧,૧૩૧, સ્ત્રી મતદારો ૫,૭૨,૬૬૨ તથા અન્ય મતદારોની સંખ્યા ૧૫ થઇ

વાપી : વલસાડ જિલ્લામાં અગાઉ ૧૩,૮૫,૫૦૭ મતદારો હતા જે પૈકી ૧૧,૫૯,૧૧૦ મતદારોના તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ડ્રાફ્ટ મતદારયાદીમાં આવેલા હતા. આ મતદારો પૈકી ૨,૮૫,૯૬૬ મતદારોને નોટિસ આપી સુનાવણી રાખવામાં આવી હતી. જે પૈકી ૧૧,૨૭૩ મતદારો ગેરહાજર અથવા યોગ્ય પુરાવા રજૂ કરી ન શકવાના કારણે મતદારયાદીમાં નામ દાખલ કરવા ગેરલાયક ઠરાવવામાં આવ્યા છે, જ્યારે ડ્રાફ્ટ મતદાર યાદીના કુલ મતદારો પૈકી ૧૧,૪૭,૮૩૭ મતદારોને આખરી મતદાર યાદીમાં સમાવી લેવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લામાં ફોર્મ નં. ૬ ના ૧૫,૦૪૭, ફોર્મ નં. ૭ ના ૩,૬૦૨ તથા ફોર્મ નં. ૮ ના ૧૦,૨૬૭ મળી ૨૮,૯૧૬ અરજી સ્વીકારના સમયગાળા દરમિયાન મતદારો દ્વારા રજૂ કરાયા છે. જે પૈકી ફોર્મ નં. ૬ ના ૧૩,૬૪૮ સ્વીકાર કરી આખરી મતદારયાદીમાં સમાવવામાં આવ્યા છે. વલસાડ જિલ્લામાં કુલ મતદારો પૈકી ૫,૯૧,૧૩૧ પુરૂષ મતદારો, ૫,૭૨,૬૬૨ સ્ત્રી મતદારો તથા અન્ય મતદારોની કુલ સંખ્યા ૧૫ થઇ છે.

## ફોર્મ ૭ માટે થયેલી પુરાવા વગરની ૧૩,૭૫૫ અરજી ફગાવાઈ

આ ઉપરાંત ફોર્મ નં. ૭ ની સંખ્યા ૧૩૭૫૫ આવેલા જે યોગ્ય પુરાવાઓના અભાવે અને પૂરતી વિગતો ન હોવાને કારણે પ્રાથમિક તબક્કે અસ્વીકાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૦૭૪ જેવી ફોર્મ -૭ની અરજીઓ પૈકી ૩૦૭૪ અરજીઓને ચકાસણીના અંતે રીજેક્ટ કરતા હવે ૫૨૮ અરજીઓને જ ફોર્મ-૭ હેઠળ સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં વિધાનસભા વિસ્તાર પ્રમાણે ધરમપુરમાં ૫૬ મતદાર, વલસાડમાં ૩૩ મતદાર, પારડીમાં ૧૫૫ મતદાર, કપરાડામાં ૬૧ મતદાર, ઉમરગામમાં ૨૨૩ મતદારના નામ ફોર્મ-૭ના વાંધાથી કાઢવામાં આવ્યા છે.

# તળાવમાં સેંકડો માછલીઓ અને ઝીંગાના મોતથી રોષ

**નાની** સરોણ ગામે ફુલબાઈ માતાજીના મંદિર પાસેના તળાવમાં માછલીઓ અને ઝીંગા મૃત મળતા ચકચાર



વલસાડ : વલસાડ તાલુકાના નાની સરોણ ગામે આવેલા સુપ્રસિદ્ધ ફુલબાઈ માતાજીના મંદિર પાસેના તળાવમાં આજે વહેલી સવારે મોટી સંખ્યામાં માછલીઓ અને ઝીંગા મૃત હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પવિત્ર સ્થાનકની બાજુમાં જ આ પ્રકારે જળચર જીવોના મોત થતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે. વલસાડ તાલુકાના નાની સરોણ ગામના આ પવિત્ર તળાવના કિનારે આજે સવારે ગ્રામજનોએ હજારોની સંખ્યામાં નાની-મોટી માછલીઓ અને ઝીંગા તરતા જોયા હતાં. તળાવના પાણીમાં દુર્ગંધ ફેલાતા અને જીવોના સામૂહિક મોત થતાં ગ્રામજનો એકઠા થઈ ગયા હતાં. ગ્રામજનો દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે પાણીમાં કોઈ ઝેરી કેમિકલ ભળ્યું હોઈ શકે અથવા પાણીમાં ઓક્સિજનની માત્રા ઘટવાને કારણે આ દુર્ઘટના બની હોઈ શકે. તળાવમાં મૃત માછલીઓને કારણે ફેલાતી દુર્ગંધથી આસપાસના રહીશોના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે.

આ તળાવ શ્રદ્ધાનું કેન્દ્ર છે. અચાનક આટલી મોટી સંખ્યામાં જીવોના મોત થવા પાછળ કોઈ ગંભીર કારણ હોઈ શકે છે. તંત્ર દ્વારા તાત્કાલિક પાણીના સેમ્પલ લઈ તપાસ કરવામાં આવે તેવી અમારી માંગ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક આગેવાનોએ સંબંધિત વિભાગને જાણ કરવાની તજવીજ હાથ ધરી છે. ગ્રામજનોની માંગ છે કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા પાણીની ચકાસણી કરવામાં આવે જેથી ચોક્કસ કારણ જાણી શકાય અને ભવિષ્યમાં આવી ઘટના અટકાવી શકાય.

# વાપીનાકરવડમાંપતિએપત્ની ઉપર ચાકુના ઘા ઝીંકી દીધા

**બે** વર્ષથી અલગ રહેતી પત્ની વાપી ડુંગરા પોલીસ મથકમાં પતિ પાસેથી ઘરેણા અને રૂપિયા લેવા આવી હતી

વાપી : વાપી ચણોદમાં રહેતી પરિણીતા બે વર્ષથી પતિથી અલગ રહેતી હતી અને વાપી ડુંગરા પોલીસ મથકમાં પતિ પાસેથી ઘરેણા અને રૂપિયા લેવા માટે આવી હતી. જે બાદ પરિણીતા કરવડ પહોંચી ત્યારે પતિ તેની પાછળ આવ્યો હતો અને ઘરેણા અને રૂપિયા કેમ માંગે છે કહી ઝઘડો કરી માર મારી અને ચાકુના ઘા મારી કારમાં બેસી ભાગી છૂટ્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ પરણિતાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી ચણોદ સ્થિત શ્રીનાથજી પાર્કમાં મુસ્કાન સુજીત અનાદી ડેય (ઉં.40) રહે છે. તેમના 18 વર્ષ પહેલા સુજીત ડેય સાથે લવ મેરેજ થયા હતા અને સંતાનમાં 14 વર્ષનો પુત્ર છે. પતિ સુજીત વાપી ચાર રસ્તા સ્થિત પ્રોફેશનલ હર્બલ સ્પા એન્ડ વેલનેસનો ધંધો કરે છે. પતિ દ્વારા નાની-મોટી વાતોમાં ઝઘડો કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતાં. છેલ્લા બે-ત્રણ વર્ષથી અલગ રહે છે.

ગઈકાલ તા.16-2-26 ના રોજ બપોરના દોઢેક વાગ્યાની આસપાસ ઘરેણા અને રોકડા પતિ પાસેથી લેવાના હોવાથી ડુંગરા પોલીસ સ્ટેશને આવી હતી. જ્યાં પતિ સુજીતકુમાર પણ આવેલો હતો. પતિ સાથે વાતચીત થયા બાદ પરિણીતા પોલીસ સ્ટેશનની બહાર નીકળી કરવડ નુરકાંટા પાસે સાંઈ વિહાર બિલ્ડીંગ પાસે આવી હતી ત્યારે પતિ સુજીતકુમારે તેની પાછળ આવી તુ મારા પાસે કેમ સોનાના દાગીના અને રૂપિયા માંગે છે તેમ જણાવી ઝઘડો કરી મારવાનું ચાલું કર્યુ હતું અને ત્યારબાદ ખિસ્સામાંથી ચપ્પુ કાઢી મોં તથા શરીરે માર્યા હતા. જેને બચાવવા આસપાસના લોકો આવ્યા હતા જે બાદ પતિ ફોર વ્હીલર ગાડી લઈને ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત પરિણીતાને વાપી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. આ બનાવ અંગેની ફરિયાદ મુસ્કાને વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### જીવદયા અને અનુકંપા જેવા કામોમાં જૈનો સાધુ આગળ : પદ્મદર્શનસૂરિજી



સુરત : નવસારી ધારાગિરી પાસે આવેલા તપોવન- સંસ્કારધામ માતૃસંસ્થામાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થતાં તપોવની બાળપુષ્પોએ પૂજ્યોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. આ તપોવનમાંથી લગભગ 100 જેટલા ઋષિકુમારો તૈયાર થઈ સંયમના માર્ગે ગયા છે. આ સાધકો રાષ્ટ્ર, સંસ્કૃતિ અને ધર્મની સુરક્ષા કરી રહ્યા છે. એમ પૂ. આ. શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે બાળકો સમક્ષ પ્રવચન દ્વારા જણાવ્યું હતું. પૂજ્યશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ધર્મ કે સંસ્કૃતિની રક્ષા કરવી હશે તો રાષ્ટ્રની રક્ષા કરવી પડશે. રાષ્ટ્રના નિર્માણ માટે જૈનોએ પૂર્વના કાળમાં પોતાનું તન, મન અને ધનથી આગવું યોગદાન આપ્યું હતું. અત્યારે પણ જૈનો રાષ્ટ્રના વિકાસ માટે વિશિષ્ટ આગવું યોગદાન આપી રહ્યાં છે. સૌથી વધુ ઈન્કમટેક્ષ અત્યારે જૈનો ભરી રહ્યા છે. જીવદયા, અનુકંપા અને માનવતા જેવા કામોમાં પણ જૈનો સાધુ આગળ છે.

### દમણમાં સરકારી જમીન પર બંધાયેલી મસ્જિદ પર બુલડોઝર ફર્યું



દમણ : દમણના ખારાવાડ વિસ્તારમાં આવેલી સરકારી જમીન પર બંધાયેલી શિયા જાફરી મોમીન જમાતની મસ્જિદ પર પ્રશાસને બુલડોઝર ફેરવી દીધુ હતુ. દમણ પાલિકાની નવા ડેવલપમેન્ટ સ્કીમ અંતર્ગત મસ્જિદની જગ્યાએથી રોડ પસાર થતો હોવાને કારણે પ્રશાસને અગાઉ જમાતના જવાબદારોને લેખિતમાં નોટિસ આપી જમીન ખાલી કરવા અનુરોધ કર્યો હતો. છતાં દબાણ દૂર ન કરાતા પ્રશાસને સૂચનાઓ આપવા છતા મસ્જિદનું બાંધકામ દૂર ન કરાતા આજે પ્રશાસને કાર્યવાહીના ભાગરૂપે મસ્જિદ નિર્માણના બાંધકામ પર બુલડોઝર ફેરવ્યુ હતુ. ડેપ્યુટી કલેક્ટર પ્રિયાશું સિંહની અગવાઈમાં પોલીસ બંદોબસ્ત સાથે મસ્જિદની ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી.


### દમણમાં સી.બી.એસ.સી. બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

દમણ : દમણમાં મંગળવારથી ધોરણ 10 અને 12 ની સી.બી.એસ.સી. બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. 17 ફેબ્રુઆરીથી 10 માર્ચ સુધી ચાલનારી આ પરીક્ષામાં ધોરણ 10 એસ.એસ.સી. બોર્ડના અંગ્રેજી અને હિન્દી માધ્યમના 1014 વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ધોરણ 12 એચ.એસ.સી. માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના અંગ્રેજી માધ્યમના 1243 વિદ્યાર્થીઓ નોંધાયા છે. આજે પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓનું દાનહ-દમણ-દીવ પોલીસ વિભાગના ડી.આઈ.જી.પી. સંતોષ મીણા, જિલ્લા પંચાયતના પ્રમુખ રીનાબેન પટેલ તથા સભ્યો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરી દરેક વિદ્યાર્થીને કપાળે તિલક કરી તેમને બોલપેન તથા ફૂલ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# દરજી સમાજની વાડીમાં ચૂકવણી વિવાદ

**કુલ** રૂપિયા 38.64 લાખ અટવાયા હોવાનો આક્ષેપ

**પૂર્વ** પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી હેમંત ટેલરનું નામ આવતાં ચર્ચા તેજ



નવસારી : નવસારીમાં દરજી સમાજની વાડીના બાંધકામને લઈને 38.64 લાખની ચુકવણી અટવાયાનો મુદ્દો સામે આવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. કોન્ટ્રાક્ટર કાંતિ પટેલે કામ પૂર્ણ કર્યુ છતાં બાકી રકમ તથા ડિપોઝિટ પરત ન મળ્યાનો આક્ષેપ કરી નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

2021માં દરજી સમાજની વાડીના બાંધકામ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને ફરિયાદીની ફર્મને કામ સોંપવામાં આવ્યું હતું. ટેન્ડરની શરતો મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં સમગ્ર કામ પૂર્ણ કરી બિલ અને જરૂરી દસ્તાવેજો સંસ્થાને સોંપવામાં આવ્યા હતા. કામગીરી દરમિયાન રૂપિયા 10.40 લાખ ડિપોઝિટ તરીકે જમા કરાવવામાં આવ્યા હતા. કામની બાકી રકમ અને ડિપોઝિટ મળીને કુલ રૂપિયા 38.64 લાખ પરત મળવાના હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદ મુજબ કામ પૂર્ણ થયા બાદ ચુકવણી માટે અનેક વખત રજૂઆતો કરી હતી. તહેવારો પહેલાં ચુકવણી કરવાની ખાતરી આપવામાં આવી છતા રકમ ચૂકવવામાં આવી નહોતી. અંતે ફરિયાદીને પોલીસનો સહારો લેવો પડ્યો હતો.

આ મામલે હેમંતભાઈ રતિલાલ ટેલર, સંદીપ વિનોદ ટેલર, કમલભાઈ નરોત્તમદાસ ટોપીવાળા અને પ્રવિણભાઈ ડાહ્યાભાઈ ટેલર સામે ફરિયાદ નોંધાઈ છે. હેમંત ટેલર ગત કાર્યકાળ દરમિયાન પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી તરીકે રહી ચૂક્યા હોવાથી મામલો સામાજિક સાથે રાજકીય સ્તરે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

હાલ નવસારી ટાઉન પોલીસ દ્વારા ટેન્ડર પ્રક્રિયા, નાણાકીય લેવડદેવડ અને સંબંધિત દસ્તાવેજોની તપાસ હાથ ધરવામાં આવી છે. શહેરમાં હવે આ મુદ્દે માત્ર નાણાકીય વિવાદ નહીં, પરંતુ સમાજના નામે થતા કાર્યોમાં પારદર્શિતા અને જવાબદારી અંગે પણ ચર્ચા જોર પકડી રહી છે. આવનાર દિવસોમાં બાકીના ટ્રસ્ટીઓ સામે પણ ફરિયાદ નોંધાવવાની શક્યતા છે.

**વલસાડ તાલુકાના પારનેરા ગામે નહેર વિભાગની ઘોર બેદરકારી સામે આવી**

# નહેર ઓવરફ્લો, ખેતરો બેટમાં ફેરવાયા

**અંબિકા** વિભાગની નહેરમાં ક્ષમતા કરતાં વધુ પાણી છોડાતા નહેર ઓવરફ્લો થઈ



વલસાડ : વલસાડ તાલુકાના પારનેરા ગામે નહેર વિભાગની ઘોર બેદરકારી સામે આવી છે. અંબિકા વિભાગની નહેરમાં ક્ષમતા કરતા વધુ પાણી છોડવામાં આવતા નહેર ઓવરફ્લો થઈ હતી, જેના કારણે આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. તૈયાર પાક પર પાણી ફરી વળતા ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે.

ગત રાત્રિ દરમિયાન અંબિકા નહેરમાં અચાનક પાણી છોડવામાં આવ્યું હતું. નહેરની સફાઈનો અભાવ અથવા પાણીના લેવલ પર ધ્યાન ન રાખવાને કારણે મોડી રાત્રે નહેરના પાણી કાંઠા વટાવી ખેતરોમાં ઘૂસી ગયા હતાં. સવાર પડતા જ ખેડૂતોએ જોયું તો આખું ખેતર તળાવમાં ફેરવાઈ ગયું હતું. રાતભર પાણી ભરાઈ રહેવાને કારણે ડાંગર, શાકભાજી કે અન્ય ઊભા પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, નહેર વિભાગ દ્વારા કોઈપણ પૂર્વ સૂચના વગર કે દેખરેખ વગર પાણી છોડવામાં આવ્યું છે. રોષે ભરાયેલા ખેડૂતોએ તાત્કાલિક ધોરણે સર્વે કરી સરકાર પાસે યોગ્ય વળતર આપવાની માંગ કરી છે. આખી રાત નહેરનું પાણી ખેતરમાં વહ્યા કર્યું હતુ. નહેર વિભાગ દ્વારા આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ ખેડૂતોમાં હાલ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.